**રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વ્લાદિમીર પુતિનની ભારતની રાજકીય યાત્રા (04 - 05 ડિસેમ્બર, 2025)**

28 નવેમ્બર, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, રશિયન ફેડરેશનના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી વ્લાદિમીર પુતિન 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે 04 - 05 ડિસેમ્બર 2025 દરમિયાન ભારતની રાજકીય યાત્રા કરશે.

2. મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ પુતિન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરશે. માનનીય રાષ્ટ્રપતિજી રાષ્ટ્રપતિ પુતિનનું સ્વાગત કરશે અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન પણ કરશે.

3. આગામી રાજકીય યાત્રા દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરવા, 'વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારી'ને મજબૂત કરવા અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાન-પ્રદાન કરવા માટે ભારત અને રશિયાના નેતૃત્વને તક પ્રદાન કરશે.

નવી દિલ્લી

28 નવેમ્બર, 2025